

બાળકો સાહસિક બને તે માટે ગાંધીનગર જિલ્લા પોલિસ અધિક્ષક કચેરી દ્વારા સેકટર-૧૧ રામકથા મેદાનમાં બાળકોને પેરાસેઈલીંગ તાલીમ આપવામાં આવી રહી છે. સરગાસણ ખાતે આવેલ સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓએ પેરાસેઈલીંગ કર્યું હતું. વિદ્યાર્થીઓએ હવામાં ઉડવાની અનુભૂતિને સ્વપ્ર સમાન ગણાવી હતી.

# વિકલાંગ સંસ્થાના કર્મચારીઓ દસ વર્ષથી ફિક્સ પગારમાં

## આજે વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે આ કર્મચારીઓની પુરા વેતન માટે માંગણી : તા. ૭મી ડિસેમ્બરે સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો કરાશે

ગાંધીનગર, તા. ૨

આખા વિશ્વમાં તા. ૩જી ડિસેમ્બરને વિશ્વ વિકલાંગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં વિકલાંગો માટે કાર્યરત એવી ૧૨ સંસ્થાઓમાં છેલ્લા ૧૨ વર્ષથી નજીવુ વેતન ચુકવવામાં આવે છે તેવી વિગતો મળવા પામી છે. વિશ્વ વિકલાંગ દિવસે આ વિકલાંગોની સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને પુરતુ વેતન ચુકવવામાં આવે તેવી માંગ સાથે આ કર્મચારીઓએ તા. ૭મી ડિસેમ્બરે સવારે ૧૦.૦૦ વાગે પથિકાશ્રમ પાસે સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો કરવાનો નિર્ણય કર્યો છે.

વિકલાંગો માટેની સંસ્થાઓમાં બીજા ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓની તુલનામાં ઓછો પગાર આપવામાં આવે છે. આ કર્મચારીઓમાં મદદનીશ શિક્ષકને રૂ. ૩,૮૦૦, ક્લાર્કને રૂ. ૩૫૦૦ અને સફાઈ કામદારને રૂ. ૨૫૦૦ માસિક ફિક્સ પગાર ચુકવાય છે. આ કારમી મોંઘવારીમાં આટલા નજીવા પગારમાં આ કર્મચારીઓને ઘર ચલાવવુ ખુબ મુશ્કેલભર્યુ બની જાય છે. આટલુ જ નહી પરંતુ આ ફિક્સ પગાર છેલ્લા દસ વર્ષથી ચુકવાઈ રહ્યો છે. જ્યારે અન્ય સંસ્થાઓમાં પાંચ વર્ષ ફિક્સ પગાર આપ્યા પછી સરકારી ધારાધોરણ મુજબ પુરો પગાર આપવામાં આવે છે. વિકલાંગ ક્ષેત્રમાં અન્યાય થઈ રહ્યો તેવા સવાલ સાથે આ કર્મચારીઓએ વિશ્વ વિકલાંગ દિવસે ન્યાયની માંગણી કરી છે. પોતાની માંગણીના સમર્થનમાં અવાજ બુલંદ કરવા તા. ૭મી ડિસેમ્બરે ઘ-૨ સર્કલ પાસે આ કર્મચારીએ દેખાવો કરવાનો નિર્ણય પણ કર્યો છે.

# કેપીટલ સ્ટેશનની અવહેલના મહેસાણા સાંસદની ઉગ્ર રજૂઆત

## રાજ્ય રાણી યોજના અન્વયે પણ ગાંધીનગરને ટ્રેન ફળવોઈ નથી : નવી ટ્રેનો આપી નેશનલ નેટવર્ક સાથે જોડવા સરકારને રજૂઆત

ગાંધીનગર, તા. ૨

કેપીટલ સ્ટેશનને વધુ ટ્રેઈનો ફાળવવાના મામલે સતત અન્યાય થતો આવ્યો છે. આ મામલે અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ આવ્યું નથી. મહેસાણાના સાંસદ જયશ્રીબેન પટેલ સરકારને આ મામલે ત્વરિત પગલા લેવા રજૂઆત કરી છે.

કેપીટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યા બાદ દાયકાઓના અંતે પણ રેલવે સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવામાં આવતી નથી. જેના પરિણામે પ્રવાસીઓએ હાલાકી ભોગવવી પડે છે. મહેસાણાના સાંસદ જયશ્રીબેન પટેલે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૧-૧૨ના ના રેલવે બજેટમાં 'રાજ્ય રાણી' નામની યોજના અન્વયે શહેરો અને રાજ્યોને જોડતી નવી ૯ ટ્રેઈનો દોડાવાની જાહેરાત થઈ હતી, પરંતુ આ પૈકી એક પણ ટ્રેઈન ગાંધીનગરને ફાળવવામાં આવી નથી. કેપીટલ સ્ટેશનને માત્ર નામની જ સુવિધા ઉપલબ્ધ થઈ છે. જેના પરિણામે નાગરિકોને અસુવિધાઓ ભોગવવી પડે છે. કેપીટલ સ્ટેશનને નેશનલ રેલ નેટવર્ક સાથે જોડવા પણ તેમણે રેલવેમંત્રી રેલવે બોર્ડના ચેરમેનને પત્રના માધ્યમથી રજૂઆત કરી છે. આમ છતાં લાંબા સમયથી કોઈ કાર્યવાહી હાથ ધરાતી નથી. તેમણે આ મામલે ત્વરિત અને યોગ્ય પગલા લેવા સરકારને રજૂઆત કરી છે.

# ચિલોડામાં યુરિયા વેચાણ કેન્દ્રો પર ખેડૂતોની લાંબી કતારો

## ગત વર્ષની જેમ કૃત્રિમ અછતના ભોગ ના બનવું પડે તે માટે ખેડૂતોની આગોતરી ખરીદી : બટાકા અને ઘઉંના વાવેતરનો પ્રારંભ

ચિલોડા, તા. ૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકમાં રવી સીઝનના વાવેતરની ખેડૂતોએ તૈયારી આરંભી દીધી છે. હાલ બટાકા અને ઘઉંની વાવણીનો ધીમી ગતિએ પ્રારંભ થવા લાગ્યો છે. તંગીના કારણે આ વર્ષે કિસાનોએ પાણી પહેલા પાળ બાંધવાનું મુનાસીબ માનીને યુરિયાની થોકબંધ ખરીદી કરવા માંડી છે.

ચિલોડાના યુરિયા વેચાણ કેન્દ્રો પર ખાતરનો જથ્થો આવ્યાની વાત યુરિયાનો જથ્થો મેળવી લેવા વેચાણ કેન્દ્રો પર લાઈનો લગાવી દીધી હતી. જો કે આ વર્ષે તબક્કા વાર યુરિયાનો જથ્થો આવતો રહેશે અને દરેકને જરુરિયાત પ્રમાણે ખાતર મળી રહેશે તેવી વેચાણ કેન્દ્રના સંચાલકોએ ખેડૂતોને



(તસવીર : નટુભાઈ પટેલ)

આ બંને પાક માટે જરુરી એવા રાસાયણિક ખાતર યુરિયાની ખરીદી માટે ખેડૂતોએ ચિલોડાના યુરિયા વેચાણ કેન્દ્ર પર લાંબી કતારો લગાવી હતી. ગત વર્ષે સર્જાયેલી યુરિયાની ખેડૂતોમાં વાયુવેગે પ્રસરી જવા પામી હતી. આથી ફરી કૃત્રિમ અછત સર્જાય અને પછી મોંઘા ભાવે ખાતર ખરીદવું પડે અથવા રહી જવાય તેના કરતા ખેડૂતો આગોતરી ખરીદી કરીને હૈયાધારણ આપી હતી. પરંતુ ખેડૂતો કોઈ પ્રકારનું જોખમ ઉઠાવવા માંગતા ન હોય તેમ આગોતરી ખરીદી કરી પોતાની જરુરિયાત મુજબનો યુરિયાનો જથ્થો અંકે કરી લેવાનું ચાલુ કરી દીધું છે.



લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કુલનાં સહયોગથી એન.એસ.એસ.કેમ્પ દરમિયાન ૨ ડિસેમ્બરે સરકારી પ્રાથમિક શાળા બોરીજ ખાતે 'હાડકાંનો કેલ્શિયમ ટેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

**રક્તદાન મહાદાન**

# પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાના નિર્ણયને આવકાર

## પ્રાથમિક શિક્ષકોને ૯,૨૦,૩૧ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળશે

ગાંધીનગર, તા. ૨

પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાના નિર્ણયને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘે આવકારી છે. સંઘ દ્વારા મહત્વના પ્રશ્ને ઉકેલ આવતા હર્ષની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી બળદેવભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ તા. ૧૮-૧-૧૨ના શિક્ષણ વિભાગના ઠરાવ આધારે ભાવનગર જિલ્લાના સહાયક નિરીક્ષકના ઓડિટ પેરા આધારે પ્રાથમિક શિક્ષકોના ૯, ૨૦, ૩૧ ના ઉચ્ચત્તર પગાર ધોરણ જે તા. ૧૬-૮-૯૪ ના નાણાં વિભાગના ઠરાવ પ્રમાણે મળતું હતું. તેમાં ભાવનગર જિલ્લા સહાયક નિરીક્ષકના ઓડિટ પેરા આધારે રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણ અટકાવવામાં આવ્યા હતા. જે અંગે ગુજરાત રાજ્ય પ્રા. શિક્ષક સંઘે શિક્ષણમંત્રી, શિક્ષણ સચિવ, અગ્રસચિવ, નાણાં વિભાગ તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામક કક્ષાએ વારંવાર રજૂઆત કરી હતી. આ પ્રશ્નને લઈને બેઠકના અંતે ઉકેલ લાવવામાં આવ્યો છે. આ મામલે ગુજરાતમાં લગભગ ૩૫,૦૦૦ થી ઉપરના કેસો પડતર હતા. જેના કારણે શિક્ષકોને આર્થિક નુકશાન વેઠવું પડતું હતું. જેથી અસંતોષની લાગણી હતી પરંતુ તા. ૧૭-૧૧-૧૪ ના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાત મળેલ ગુણવત્તાલક્ષી ચિંતન શિબિરમાં મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ નાનુભાઈ વાનાણીએ તેમના પ્રવચનમાં પ્રશ્નના નિરાકરણ માટે ખાત્રી આપી હતી. જે પ્રમાણે જે રીતે નાણાં વિભાગના તા. ૧૬-૮-૯૪ના ઠરાવની જોગવાઈ મુજબ પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળતો હતો તે મુજબ લાભ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ આ બાબતને આવકારે છે. અને શિક્ષણમંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે. આ લાંબા સમયથી પડતર પ્રશ્નના સુખદ ઉકેલથી ગુજરાતના પ્રાથમિક શિક્ષકોમાં આનંદની લાગણી પ્રવર્તેલ છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલનાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ (એન.એસ.એસ.)ની વાર્ષિક શિબિરના આયોજનનું ઉદઘાટન તારીખ ૨ ડિસેમ્બર સવારે ૧૧ કલાકે બોરીજ સરકારી પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વ વિદ્યાલય મંડળના ડૉ.સોમાભાઈ પટેલ, નિવૃત્ત ડેપ્યુટી ડાયરેકટર (માહિતી ખાતું) ડાહ્યાલાલ શાંતિલાલ ગાંધી, હર્ષદરાય મહેતા, કુસુમબહેન મહેતા (૧૯૭૬-લંડનથી ભારત કારયાત્રા) ઉપસ્થિત રહ્યા હતા. તારીખ ૨ ડિસેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી યોજાનાર આ કેમ્પમાં લાયોનેસ કલબ ઓફ ગાંધીનગરનો સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો છે. પ્રમુખ લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર ચંદા યાદવ, શાળા આચાર્ય કાશ્મીરા વ્યાસ, એમ.બી. પટેલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન હાજર રહ્યા હતા. સર્વે મહેમાનોએ બાળકોને સંયમ, શિસ્ત, સફળતા વિગેરે વિશે સમજણ આપી હતી. સમગ્ર ઉદઘાટન કાર્યક્રમનું સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર વર્ષાબેન પારેખે કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)



છેલ્લા ૧૮ વર્ષથી અખબાર જગત માટે સતત કાર્યરત સરકારમાં રજીસ્ટર્ડ 'ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ કલબ' દ્વારા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલને આજ તા. ૨-૧૨-૨૦૧૪, મંગળનારના રોજ 'પ્રશસ્તિ પત્ર' એનાયત કરવામાં આવેલ. આ પ્રસંગે 'ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ કલબ'ના પ્રમુખ શ્રી કિશોરભાઈ અંજારીયા, મહામંત્રી શ્રી પાર્થ ઠક્કર, કારોબારી ચેરમેન શ્રી ચંદ્રકાંત પટેલ, સલાહકાર શ્રી ભુવનેશ ઓઝા, શ્રી જયેન્દ્રભાઈ ઉપાધ્યાય, શ્રી જૈનુલ પટેલ, શ્રી શૈલેષ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ દ્વારા 'ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ કલબ'ના આ કાર્યને તેમજ ઘણા વર્ષોથી સરકાર અને પ્રજા વચ્ચે સેતુરુપ અખબારી જગત માટે કાર્યરત સંસ્થાની કામગીરીને બિરદાવી હતી. તેઓએ સરકારની વિવિધ યોજનાઓની માહિતી તેમજ કામગીરી ગુજરાતની છેવાડાની પ્રજા સુધી પહોંચાડવાની મિડીયાની સકારાત્મક ભૂમિકાની પણ નોંધ લીધી હતી.

# જિલ્લા દલિત સેનાના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા દલિત સેનાની બેઠક ડૉ. આંબેડકર ભવન ખાતે યોજાઈ હતી. બેઠકમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે બાબુભાઈ મેસરવાલા, ઉપપ્રમુખ પદે દાનાભાઈ મિસ્ત્રી, તુલસીભાઈ પરમાર, ગુલાબચંદ પટેલ, મહામંત્રી પદે દિનકરભાઈ પરમાર, રેવનદાસ સાધુ, સહમંત્રી પદે સંજયભાઈ પરમાર, વિપુલ ડોડિયા, સંગઠન મંત્રી પદે રમેશભાઈ વાણિયા, હીરાભાઈ વણકર, રમણભાઈ પરમાર, બી.એમ. પરમાર, કે.એચ. મેસરવાલા, ખજાનચી પદે મોહનભાઈ બાલુવાકર અને કારોબારી સભ્યોમાં મહેશ પટેલ અને કે.પી. સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# ઉમિયા પરિવાર દ્વારા પદયાત્રા સંઘનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨

શ્રી ઉમિયા પરિવાર ગાંધીનગર છેલ્લા ૧૨ વર્ષથી ઉમિયા માતાજી ઉંઝા પદયાત્રા સંઘનું આયોજન કરે છે. ચાલુ વર્ષે પરિવાર દ્વારા પદયાત્રા સઘનું આયોજન કરવામાં આવ્યું છે. સંઘ આગામી ૨૫મી ડીસેમ્બર ગુરુવારે પ્રસ્થાન કરશે. ઉમિયા માતાજી મંદિર સે-૧૨ ખાતેથી માતાજીના આશીર્વાદ લઈ પદયાત્રા સંઘ પ્રસ્થાન કરશે. જે સેકટર-૧૩ શકિતચોક ખાતે અંબાજીના દર્શન કરી ઉમિયા માતાજી ધામ ઊંઝા પહોંચશે. ત્યારે પદયાત્રામાં જોડાવવા ઈચ્છુક માઈ ભકતોને તા. ૨૦ ડીસેમ્બર સુધી પોતાનું નામ નોંધાવવા કનુભાઈ પટેલે જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬

સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૫૦ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

ટીટ્ટો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

કિલ/દીલ : ૪.૧૫

સ્ક્રીન-૩ :

મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

કિલ/દીલ : ૧.૦૦, ૧૦.૦૦

### સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :

ઉંગલી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૦, ૫.૪૫, ૧૦.૪૫

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૮.૨૦

: સ્ક્રીન-૨ :

૩ડી પેન્જીયસ : માડાગાસ્કર (અંગ્રેજી) : ૧૦.૧૦, ૧૨.૨૫, ૬.૦૦, ૮.૧૫

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૧૦.૩૦

ઈન્ટરસ્ટેલર (અંગ્રેજી) : ૨.૪૦

સ્ક્રીન-૩ :

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૨.૦૫, ૨.૪૫

જીદ : ૫.૨૫, ૧૦.૫૫

ઝેડ પ્લસ : ૮.૦૫

સ્ક્રીન-૪ :

ઉંગલી : ૯.૦૦, ૪.૧૫, ૭.૨૦, ૯.૫૫

જીદ : ૧૧.૩૦

હેપ્પી એન્ડીંગ : ૨.૦૦

## આપની આજ

**મેષ** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે.નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બને. વિશેષ કાર્યો માટે યાત્રા પ્રવાસ વગેરે થશે.

**વૃષભ** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યો થશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વિદેશનાં અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિ થઈ શકશે. આર્થિક પ્રવૃત્તિઓ માટે વિશેષ દોડધામ અને ગહન સંશોધનનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**કર્ક** : જ્ઞાન વૃદ્ધિના કાર્ય થશે. રાજકીય ક્ષેત્રમાં ધન વૃદ્ધિનો વિશેષ યોગ. કાર્યક્ષેત્રે સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. આર્થિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાઓ અને મહત્વપૂર્ણ પ્રવૃત્તિ થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે.

**કન્યા** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી વિશેષ યોગ. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. જૂના સ્નેહી મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**તુલા** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે. ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

**વૃશ્ચિક** : પ્રયત્નોથી સફળતા મળશે. વ્યાપારી વર્ગને લાભ થવાની શકયતાઓ છે. ભાગ્યોદયની તક મળી રહે.સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**ધન** : બુદ્ધિથી મુશ્કેલી દૂર થશે. આરોગ્યની કાળજી રાખવી. આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું બની શકે છે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે.

**મકર** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. જૂના મિત્રો- સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. અટકાયેલા કાર્યો પૂર્ણ થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકે છે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિરોધી હેરાન કરવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. મંગુબેન માનાભાઈ રાઠોડ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૭૩/૧, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર